# સર્જાતા સાહિત્યનાં લેખાંજોખાં : અનિવાર્ય અને ઉપયોગી

◆

**મનસુખ સલ્લા**

સાહિત્યની સંસ્થા કોઈ સર્જકનું નિર્માણ ન કરી શકે, પરંતુ સાહિત્ય-સર્જનને પ્રોત્સાહક એવું વાતાવરણ જરૂર નિર્માણ કરી શકે. એવી આબોહવાના નિર્માણમાં પરિસંવાદ, કાર્યશાળા, ચર્ચાસત્ર, સર્જક-મુલાકાત, કૃતિપઠન, સર્જકની જયંતી નિમિત્તે પુનર્મૂલ્યાંકન, કૃતિઆસ્વાદ અને પ્રકાશન વગેરે ઉપક્રમો ઉપયોગી સિદ્ધ થાય છે. એવો જ એક અનિવાર્ય ઉપક્રમ 'સરવૈયું' છે. સરવૈયા દ્વારા સર્જાતા સાહિત્યની ગતિવિધિઓ, વળાંકો, પ્રગતિ કે પીછેહઠ, એકાંગિતા કે સમગ્રદર્શન, સ્વરૂપસિદ્ધિ કે ચિંતનઊંચાઈ, દર્શનની વ્યાપકતા કે અજાણ્યા ખૂણાનો ઉઘાડ, નૂતન પ્રારંભ કે નીવડેલાનું અનુસરણ-અનુકરણ, નવી કલમોનો પ્રવેશ કે નીવડેલી કલમોની નવી સિદ્ધિઓ વગેરે તરીને પ્રત્યક્ષ થાય છે. એટલે સરવૈયા દ્વારા આ સઘળી બાબતોનાં લેખાંજોખાં સમયાંતરે થતાં રહેવાં જોઈએ.

વળી, એ પણ સ્પષ્ટ રહેવું જોઈએ કે સરવૈયું એ માત્ર સર્જકસાપેક્ષ પ્રવૃત્તિ નથી, સાહિત્યિક વાતાવરણ અને પ્રવાહોનું સમગ્રદર્શન છે. એથી સાહિત્યિક સરવૈયાની જવાબદારી જેટલી સાહિત્ય પરિષદ કે સાહિત્ય અકાદમીની છે તેટલી જ યુનિવર્સિટીઓની પણ છે. આપણી યુનિવર્સિટીઓએ પોતાના નામ અને ધ્યેયને સિદ્ધ કરવા, ઊગતી પેઢીને ઉચિત રીતે કેળવવા માટે આવા ઉપક્રમો સતત અમલી બનાવવા જોઈએ. વિશ્વકોશ, સાહિત્યસંગમ, 'પરબ' અને 'શબ્દસૃષ્ટિ' આ દિશામાં પ્રવૃત્ત છે તે આવકાર્ય છે.



ગુજરાતી સાહિત્ય પરિષદે પોતાના દ્વિવાર્ષિક જ્ઞાનસત્રમાં સરવૈયાની પરંપરા જાળવી છે તે પોતાના કર્તવ્યને વાજબી અને ઉપયોગી સિદ્ધ કરે છે. સરવૈયાની શરૂઆત સાહિત્ય પરિષદના સ્થાપક રણજિતરામ વાવાભાઈએ ૧૯૦૯થી કરેલી હતી. ૧૯૦૮નું સરવૈયું કાઢતાં તેમણે નોંધ્યું હતું કે, 'આવો લેખ લખવાનાં સાધનો મેળવવાની ઘણી મુશ્કેલી છે. વખતોવખત થતી સાહિત્યપ્રસિદ્ધિની સંપૂર્ણ માહિતી આપે એવું મંડળ યા પુસ્તકાલય યા માસિક ગુજરાતમાં નથી... મુદ્રાયંત્રોના માલિકોની, ગ્રંથપ્રસારક મંડળના મંત્રીઓને અને ગ્રંથવિક્રેતાઓને પત્રો લખ્યા હતા. પરંતુ તેમાંથી માત્ર ચારના જવાબ આવ્યા... એટલે આ લેખ સર્વતઃ સંપૂર્ણ લખી ન શકાયો હોય તો દરગુજર કરવા વિનંતી છે.' (જ્ઞાનસુધા, એપ્રિલ, ૧૯૦૯) રણજિતરામે એકલે હાથે સાહિત્યિક કૃતિઓ ઉપરાંત સાહિત્યેતર વિષયનાં પુસ્તકો તેમાં સમાવ્યાં હતાં. સામયિકો અને અખબારોની વાત પણ કરી હતી.

૧૦૫ વર્ષ પહેલાંની આ મુશ્કેલી આજનો સરવૈયાકાર પણ રજૂ કરવાનો. પરંતુ આ મુશ્કેલી કમ્પ્યૂટરની મદદ પછી ટાળી શકાય તેમ છે. વિગતોનો સંગ્રહ કરવાનું અને એને ઑનલાઇન મૂકવાનું થોડા પ્રયત્ને સાહિત્યસંસ્થા કરી શકે તેવી સરળતા ઊભી થઈ છે.

'કૌમુદી' ત્રૈમાસિકમાં આવો પ્રયત્ન વિજયરાય વૈદ્યે કર્યો હતો. તેઓ ત્રૈમાસિક સરવૈયું રજૂ કરતા. ૧૯૩૦ થી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની ગુજરાત વિદ્યાસભા)એ વાર્ષિક સમીક્ષા શરૂ કરી હતી. 'ગ્રંથ અને ગ્રંથકાર' શ્રેણીમાં પહેલા પુસ્તકમાં ૧૯૨૯નું સરવૈયું રજૂ થયું હતું. વર્ષ દરમિયાન પ્રગટ થયેલાં પુસ્તકોની વર્ગીકૃત યાદી પ્રગટ કરી હતી. ૧૯૬૬માં છેલ્લો, અગિયારમો ભાગ પ્રગટ થયો હતો. એ કાર્ય હીરાલાલ પારેખે કર્યું હતું. આ પરંપરાનાં નોંધપાત્ર અન્ય નામો છે : મધુસૂદન પારેખ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, અનંતરાય રાવળ, ડોલરરાય માંકડ, મંજુલાલ મજમુદાર. તેમણે સાહિત્યિક સરવૈયાના ઊંચા માનદંડ સિદ્ધ કર્યા છે.

સરવૈયાની અગત્ય અને ઉપયોગિતા રણજિતરામે આમ દર્શાવી છે : 'જેવું જીવન તેવું સાહિત્ય. જીવનમાં વહેતાં બળોનો પ્રભાવ સાહિત્યમાં અંકાય છે. એટલે એ બળો વિશે કંઈક જાણવું આવશ્યક છે... ધર્મ, સંસાર, રાજ્ય આદિ પરત્વે થતા પ્રક્ષોભના મંથનના પડઘા સાહિત્યમાં સંભળાય છે યા તો તેનો પટ સાહિત્યને બેસે છે.'

સરવૈયું એમ કહીએ છીએ ત્યારે જમાપાસું અને ઉધારપાસું - બંનેને

તપાસવાં જોઈએ. સમજદાર વેપારી વર્ષાન્તે આવક-જાવકના અને ખોટ-નફાના આંકડા માંડે છે એ તો સ્થૂળ ઘટના થઈ. પરંતુ મનુષ્યના સંવેદન અને ચિત્તને પ્રભાવિત કરનાર ઉત્તમ કૃતિઓ કેટલી મળી તેનું સરવૈયું વિવેચકોએ અને અભ્યાસીઓએ, સાહિત્યિક સંસ્થાઓએ અને સાંસ્કૃતિક ગતિવિધિ તપાસનારા વિચારકોએ કાઢતા રહેવું જોઈએ. સાહિત્યકૃતિ એ સમાજના ધબકારાને પ્રગટ કરનાર ધોરી નસ જેવી હોય છે. સમાજમાં જે કાંઈ આંતરક્ષોભ થાય છે, ગતિવિધિ થાય છે, સમાજ આગળ વધે કે પાછો પણ પડે, એનાં પરિણામો વ્યક્તિના જીવનમાં અસરકારક બનતાં હોય છે. એ રીતે સાહિત્યકૃતિ વ્યક્તિ દ્વારા સમાજને પ્રગટ કરે છે. એટલે સરવૈયું એ માત્ર કૃતિવિવેચન નથી, એ પ્રવાહદર્શન પણ હોવું જોઈએ. પ્રવાહદર્શન એટલે કેવા વળાંક આવ્યા, કેવા ઘાટ બંધાયા, કેવાં ઊંડાણ અનુભવાયાં કે કેવાં છબછબિયાં જોવા મળ્યાં તેનું તારણ પણ કાઢવું જોઈએ.

સરવૈયામાં સાહિત્યકૃતિને બે રીતે તપાસવાની હોય છે : (૧) અભિવ્યક્તિ સ્વરૂપની દૃષ્ટિએ (૨) પ્રગટેલ જીવનસત્ત્વની દૃષ્ટિએ. આ બંને તત્ત્વો સાહિત્યકૃતિની ઉચ્ચાવચતા નક્કી કરવામાં નિર્ણાયક બને છે.

એટલે સરવૈયાકારે અભિવ્યક્તિ સ્વરૂપ, તેમાં આવેલાં પરિવર્તનો, તેમાં થયેલા પ્રયોગો, તેમાં નિષ્પન્ન થયેલા નવા વળાંકો કે આવિષ્કારોની નોંધ લેવાની હોય છે. આ પ્રક્રિયા સૂક્ષ્મ અને તુલનાત્મક હોય છે. ભૂતકાળમાં જે સિદ્ધ થયું હોય તેનાથી અભ્યાસી પ્રમાણમાં અવગત હોવો જોઈએ. સાહિત્યની આજ એના ભૂતકાળ સાથે જોડાયેલી હોય છે, છતાં એણે પોતાનો શ્વાસ નિપજાવવાનો હોય છે. આ તપાસ કઠણ હોય તોપણ અભ્યાસીએ કરવા જેવી છે. પદ્યમાં છંદ, અછાંદસ, શૈલી, પદ્યનું નાટ્યરૂપ, પદ્ય સ્વરૂપોમાં વૈવિધ્ય (જો ઊગતો આખો કવિવર્ગ માત્ર ગઝલમાં જ રમમાણ હોય તો એ એકાંગિતા પણ સાબિત થાય), જૂના અવાજોની નવી સિદ્ધિઓ (દા.ત. ઉમાશંકરનું 'સપ્તપદી') કે નવા અવાજોના આગવા આવિષ્કારોની નોંધ અભ્યાસીએ લેવાની હોય છે. તેવું જ ગદ્યમાં આગવો મિજાજ, સ્વતંત્ર, પોતીકું કહી શકાય તેવું ગદ્ય (જે ગોવર્ધનરામ, મુનશી, દર્શક, સ્વામી આનંદ, પન્નાલાલ, રઘુવીર વગેરેમાં છે), ગદ્યમાં તળબોલીનો સાર્થક ઉપયોગ, ગદ્યમાં સિદ્ધ થયેલા નવા આવિષ્કારો, સર્જનાત્મકની જેમ ચિંતનાત્મક ગદ્યની નવી સિદ્ધિઓ, ગદ્યનું લાવણ્ય અને ધીંગાપણું, ગદ્યની સચોટતા અને લાઘવ, બોલાતી કે બદલાતી ભાષાતરાહોનો ગદ્યમાં વિનિયોગ, (જેમ કે ગદ્યમાં અંગ્રેજીનો વપરાશ), આ સઘળું સરવૈયાનો વિષય બનશે.



તો સરવૈયાનું બીજું પાસું બનશે એમાં પ્રગટ થયેલો મનુષ્ય અને એ મનુષ્ય દ્વારા વ્યક્ત થતો સમાજ. એનાં બાહ્ય વહેણો તો થોડી મહેનતે પારખી શકાય, પરંતુ આંતરવહેણોને પારખવા માટે અભ્યાસી પાસે આર્થિક, સામાજિક, ધાર્મિક, માનસશાસ્ત્રીય અને સૃષ્ટિસંતુલનશાસ્ત્રનાં આધારો અને સમજ હોવાં જોઈશે. નહિ તો એ કેવળ નવીનપણાથી અભિભૂત થઈ જશે અને પરિચિતમાં રહેલા ઉત્તમને અવગણશે. એથી પ્રશ્નોના વિવિધ આયામો હોય છે તેની સમજ જરૂરી બનશે. જેમ કે લગ્ન માટેનું જુનવાણી માનસ, આંતરજ્ઞાતીય લગ્નો, નારીનો સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રવેશ, તૂટતી જતી કુટુંબવ્યવસ્થા, આર્થિક સંપન્નતા માટે ગમે તે માર્ગોનો સ્વીકાર, દલિતોનો માનસિક રીતે અસ્વીકાર, અસ્મિતાના બદલાતા ખ્યાલો, મૂલ્યનિષ્ઠાને બદલે સફળતાનું મહત્ત્વ, આર્થિક સંપન્નતા અને એકલતા, ધર્મની ટોળાશાહી, વ્યક્તિસ્વાતંત્ર્ય અને સામાજિક જવાબદારી વચ્ચેની વધતી ખાઈ, વધતો જતો ત્રાસવાદ, અસમાનતા અને ન્યાયહીનતા - આ સઘળું સાહિત્યને પ્રભાવિત કરે છે. અલબત્ત, આ કાચી સામગ્રી છે. સર્જકે એનું રાસાયણિક રૂપાંતર કરવાનું હોય છે. સર્જક એ કરી શક્યો કે અધૂરો-ઊણો રહ્યો એ સરવૈયાનો વિષય બનશે.

જેમની પાસે મૌલિક ચિંતન અને દૃષ્ટિવ્યાપ ન હોય તેવો લેખક એકાદ ઉત્તમ કવિતા કે વાર્તા લખી નાખી શકે, પરંતુ દેશકાળને વળોટતી કૃતિ ન લખી શકે. આ દૃષ્ટિએ પણ કૃતિનું મૂલ્યાંકન થઈ શકે. દા.ત. ધ્રુવ ભટ્ટની નવલકથા 'અકુપાર' મનુષ્ય અને પ્રકૃતિના સંબંધનું રમણીય અને ઉદાત્ત ગાન છે. એને નવલકથા તરીકે તપાસાય તેમજ એના વિષયને આજના સૃષ્ટિસંતુલનશાસ્ત્રની દૃષ્ટિએ પણ તપાસી શકાય કે રઘુવીર ચૌધરીનું દીર્ઘકાવ્ય 'બચાવનામું' પણ આમ તપાસી શકાય.

સરવૈયું એમ કહીએ છીએ ત્યારે જમાપાસું અને ઉધારપાસું બંને સામે આવશે. ત્યારે જરૂરી બનશે કે સરવૈયાકાર પોતાના કર્તવ્ય અંગે જાગ્રત અને જવાબદાર હોવો જોઈએ. સરવૈયું એટલે અમુકને રાજી રાખવાની, અમુકને સ્થાપવાની, અમુકને ઉવેખવાની કે પછાડવાની પ્રવૃત્તિ નથી. કે કૃતિ ઉપર 'નજર નાખી લઈ' બધે વાપરી શકાય તેવાં સપાટ વિધાનો કરવાની પ્રવૃત્તિ નથી. એવું બને કે સરવૈયાકાર પણ ઘડાતો જાય, સજ્જતા વધારતો જાય, ક્રમે ક્રમે વધુ સજ્જ બનતો જાય. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, વિજયરાય કે અનંતરાય રાવળની કક્ષાએ પહોંચવા માટે તપ તો કરવું પડે છે, સતત સ્વાધ્યાયરત રહેવું પડે છે. અને એથીય વધુ

અગત્યની બાબત એ છે કે સાહિત્યતત્ત્વની અભિજ્ઞતા સતત કેળવવી પડે છે. એટલે બે વર્ષનું કોઈ એક સ્વરૂપનું સરવૈયું રજૂ કરવા માટે પણ સરવૈયાકારે ઘણો મોટો પરિશ્રમ કરવો પડે. નીરક્ષીર મૂલ્યાંકન, પ્રવાહદર્શન અને સમતોલ તારણો રજૂ થાય એ અપેક્ષા રહેવાની જ. દાયકાનું સરવૈયું કાઢનાર પાસે તો ઘણી વધારે અપેક્ષા રહેવાની.

સરવૈયું કેવળ સર્જકો માટે કે સાહિત્યના વિદ્યાર્થીઓ માટે જ નથી હોતું, એ પ્રજાકીય રુચિઘડતરનું ગંભીર કાર્ય પણ કરે છે. બે વર્ષના સરવૈયામાં સરવૈયાકાર વાચકો સામે વૈવિધ્યભર્યો થાળ રજૂ કરે છે. પોતે જેનો આસ્વાદ લીધો છે, પ્રસન્ન થયો છે કે અસંતોષ રહ્યો છે તેનો હિસાબ તેણે આપવાનો છે. સાથે એ સમજ અને સ્પષ્ટતા પણ રહેવી જોઈએ કે આવો હિસાબ વાંચનારા અનેક વાચકો કદી સરવૈયાકારને મળવાના નથી, કાંઈ કહેવાના નથી, પરંતુ તેઓ પારખતા હોય છે કે સરવૈયું પાકું છે કે કાચું છે. એવા વાચકોને પણ સરવૈયાકારે ધ્યાનમાં રાખવા જોઈશે. જેઓ સાહિત્યના અધ્યાપક નથી, પરંતુ ઘણુંબધું વાંચતાં હોય છે તેવા સાહિત્યપ્રેમી વાચકોને સરવૈયામાંથી ઉત્તમ કે નીવડેલી કૃતિઓની ભાળ મળે તેવી અપેક્ષા હોય છે.

સરવૈયાકારની આવી ગંભીર સાહિત્યિક જવાબદારી હોવાથી તેણે સરવૈયાનું કામ સ્વીકારતી વેળાએ કેટલીક પાયાની શરતો પોતાની જાત સાથે કરવી જરૂરી બની રહે છે. તેને આમ મૂકી શકાય :

(૧) આજે પ્રમાણભૂત પુસ્તકયાદી નથી હોતી તે મોટી મર્યાદા છે જ. પરંતુ કમ્પ્યૂટરની મદદથી સાહિત્યિક સંસ્થાઓ તેને જરૂર ઉકેલી શકે છે. જોકે પ્રમાણભૂત કૃતિયાદી પછી પણ પ્રશ્નો રહેવાના જ. વળી તમામ કૃતિઓનો સરવૈયામાં સમાવેશ થાય તે નથી શક્ય, નથી ઈષ્ટ. એટલે સરવૈયાને અંતે કૃતિયાદી મૂકી શકાય. કારણ કે પ્રતિભાબીજ લગભગ ન હોય પણ ખ્યાતિપ્રાપ્તિ માટે લખનારા દરેક યુગમાં હોય છે, મોટી સંખ્યામાં હોય છે. તેઓ ભલે પોતાની કૃતિ છપાવે, સાહિત્યનું સરવૈયું તેને નામયાદીમાં મૂકે તેટલું પૂરતું ગણાય.

(૨) બે વર્ષનું સરવૈયું હોય એટલે દરેક સ્વરૂપમાં ઘણીબધી કૃતિઓ હોય જ. એના અધ્યયનનો સમય કાઢી શકવો એ પાયાની જરૂરિયાત છે. માત્ર મુખપૃષ્ઠદર્શન કરીને અભિપ્રાય આપી દેવાનું સહેલું છે, પરંતુ એમાં સરવૈયાકારના કર્તવ્યનો ભંગ છે. એક વખત કાર્ય સ્વીકાર્યું તો સરવૈયાકારે અધ્યયન માટે પૂરતો સમય આપવો જોઈએ.



(૩) સરવૈયાકાર માટે વધુ ગંભીર કર્તવ્ય એ છે કે તે પૂર્વગ્રહથી દોરવાશે નહિ કે 'મોટાઓથી' અંજાશે નહિ કે નવાની ઉપેક્ષા નહિ કરે. મંદિરમાં જનાર પગરખાં બહાર મૂકીને જાય છે, તેમ સાહિત્યના મંદિરનો ઉપાસક પોતાના પૂર્વગ્રહો કે દૂષિત માન્યતાઓ કે મિત્રધર્મ નિભાવતો પક્ષપાત કે એકાંગિતાથી શક્ય તેટલો વધારે મુક્ત રહેવા પ્રયત્ન કરશે. આવો 'મુકુરીભૂત ચિત્તવાળો' સરવૈયાકાર કૃતિનું ભાવન કરશે, પણ સર્જકના ચહેરાને યાદ નહિ રાખે.

કોઈ એક કૃતિના અવલોકન-આસ્વાદ માટે જે સાચું છે તે સરવૈયાકાર માટે તો અનેકગણું સાચું છે કે તેણે શક્ય તેટલા વધારે તટસ્થ થઈને, સમભાવપૂર્વક, સાહિત્યતત્ત્વોની સ્પષ્ટતા સાથે કૃતિના આંતરવિશ્વમાં પ્રવેશ કરવો જોઈએ. પક્ષપાત કે પૂર્વગ્રહ સાથે કૃતિને અવલોકનાર સરવૈયાકાર પોતે હાસ્યાસ્પદ બને છે અને સાહિત્યપ્રવૃત્તિને નિર્માલ્ય બનાવે છે.

(૪) સરવૈયાકાર સામેનો મોટો પડકાર સાહિત્ય પ્રત્યેની વફાદારીનો છે. ધૂળધોયાની જેમ સુવર્ણની કણિકાને પણ એ પારખશે, સ્વીકારશે. એ એટલો સુહૃદય હશે. પરંતુ સુવર્ણ અને ધૂળ વચ્ચે વિવેક કરવા જેટલો સાવધ પણ હશે. એ ધૂળને સુવર્ણ તરીકે તો સાબિત નહિ જ કરે.

માટે સરવૈયાકારનાં ઓજારો સાફ-સૂથરાં હોવાં જોઈશે. અને એને યોજવાની દૃષ્ટિ અને કુશળતાની પણ અપેક્ષા રહેવાની. એનું શ્રેષ્ઠ દૃષ્ટાંત રા.વિ.પાઠક અને ઉમાશંકર જોશીને ગણી શકાય. આજે સાહિત્યકૃતિનું અવલોકન કે મૂલ્યાંકન કરનાર અનેક લેખકો પાસે સાહિત્યતત્ત્વની જ પૂરતી સ્પષ્ટતા નથી હોતી એમ દેખાય છે. કૃતિના ભાવવિશ્વને તપાસનાર પાસે તો ભાવ અને વિશ્વનો વિશાળતર નકશો હોવો જોઈએ. ચિંતન અને દર્શનના વ્યાપ વિના કોઈ કૃતિ મહાન કે ઉત્તમ કે અનન્ય ન બની શકે. જો સરવૈયાકારમાં ચિંતનદારિદ્ર કે અભ્યાસપ્રમાદ હશે તો તે કૃતિના વ્યાપ અને ઊંડાણને યથાર્થ રૂપમાં પામી નહિ શકે. એવું જ, સાહિત્ય-સ્વરૂપની વિભાવનાની સ્પષ્ટતા અને થયેલા પ્રયોગો તથા ભાવિ શક્યતાઓનો અંદાજ ન હોય તો તેવો સરવૈયાકાર પ્રવાહદર્શન નહિ કરાવી શકે. દરેક સાહિત્યસ્વરૂપની આગવી ખાસિયતો, લાક્ષણિકતાઓ અને ગુંજાઈશ હોય છે. સરવૈયાકાર એનાથી અવગત હોવો જોઈએ. કહી તો એમ શકાય કે એ એનામાં પચેલું હોવું જોઈએ.

(૫) કૃતિની ગુણવત્તાને પારખવી એ ગંભીર કસોટી છે. દરેક વર્ષે અને

દાયકે સાહિત્યના ઇતિહાસમાં નૂતન પ્રદાન કરે, નવો વળાંક આપે તેવી કૃતિઓ તો ગણીગાંઠી જ હોઈ શકે. એને ઉપસાવી આપવી એ ખરો વિવેચકધર્મ છે. એવી કૃતિઓના વિશેષો તરફ અંગુલીનિર્દેશ કરવો એ સરવૈયાની સિદ્ધિ છે. એટલે સપાટ અને મોંભરાં વિશેષણો પૂરતાં નહિ થાય. આ માટે અભ્યાસી પાસે ગદ્યસમૃદ્ધિ હોય એ પાયાની આવશ્યકતા ગણાશે.

સાથે જ અભ્યાસી પાસે એવી અપેક્ષા રહેવાની કે સ્વરૂપદૃષ્ટિએ અને જીવનભાવની દૃષ્ટિએ જે કાંઈ ઉત્તમ જણાય તે એવી રીતે ખોલી આપે કે ભાવકો માટે એ નમૂનારૂપ આધાર બની રહે. સરવૈયાનો એક અર્થ આ પણ છે. સાહિત્યના ઇતિહાસકાર માટે આવાં અવલોકનો આધારસામગ્રી બને છે, તો ભાવકો માટે દિશાનિર્દેશ અને સંવેદનસમૃદ્ધિ બને છે.

(૬) સાથે જ, મધ્યમ કક્ષાની કૃતિઓ અભ્યાસીની આકરી કસોટી કરશે. મધ્યમકક્ષાની કૃતિઓ ઘણી વધારે સંખ્યામાં હોવાની. આવી કૃતિઓને ઉત્તમની કલામાં બેસાડી દઈને સૌનો રાજીપો જીતવાની લાલસા અભ્યાસીની લપસણી ભૂમિ સાબિત થાય છે. સામે પક્ષે મધ્યમકક્ષાની કૃતિઓમાં પ્રગટેલ વિશેષોને પારખવામાં અને ઉપસાવવામાં અભ્યાસીની સજ્જતા અને નિષ્ઠાની કસોટી થાય છે. જાણીતા, નીવડેલા, પરિચિત કે નિકટનાને જ પોંખવાની વૃત્તિવાળો અભ્યાસી એકાંગિતાનું જોખમ વહોરી લે છે. સાચો અભ્યાસી અજાણ્યા પણ ઉત્તમની શક્યતાવાળા લેખકને પારખે છે, એના સિદ્ધ થયેલા અંશોને ચીંધી બતાવે છે. સરવૈયાકારની આ પણ નોંધપાત્ર કામગીરી છે.

(૭) સરવૈયું કાઢનાર એ અંગે પણ સ્પષ્ટ હોવો જોઈએ કે નબળી કૃતિઓનો મોટો ફાલ ઉતરતો જોઈને માત્ર બળાપો વ્યક્ત ન કરે, પરંતુ કયા સાહિત્યિક અને જીવનસત્ત્વના કારણે એવી નબળાઈઓ પ્રગટ થાય છે તેનું પૃથક્કરણ કરીને તારણો રજૂ કરશે. નબળાની માત્ર ટીકા કરવી પૂરતી નહિ થાય. શક્ય તેટલાં વજૂદવાળાં કારણો અને તારણો રજૂ કરે તો સરવૈયાકારે કર્તવ્ય નીભાવ્યું કહેવાશે.

(૮) કેટલીક વાર સરવૈયાકાર કે અવલોકનકાર અત્યંત ક્લિષ્ટ અને સંદિગ્ધ ભાષામાં પોતાના અભિપ્રાયો પ્રગટ કરે છે. જેનો ખાસ અર્થ નથી એવી ભાષાની સ્વમુગ્ધતાવાળી જાળ ગૂંથવામાં અવલોકનકાર સલામત રહી શકે, પણ સાહિત્યપ્રવૃત્તિને તો હાનિ જ પહોંચાડે છે. ઉપરાંત લેખનમાં સ્પષ્ટતા ત્યારે આવે છે જ્યારે પોતાની અંદર સ્પષ્ટતા પચેલી હોય; સ્વરૂપગત ખૂબીઓ પારખેલી



હોય. રા. વિ. પાઠક, જ્યોતીન્દ્ર દવે, અનંતરાય રાવળ કે ઝવેરચંદ મેઘાણીની વિવેચનાને આ દૃષ્ટિએ જોઈશું તો આપણો નકશો વધુ ચોખ્ખો થશે.

(૯) સરવૈયામાં એક બાબત ઝટ કળાતી નથી, પણ ધ્યાનથી વાંચીએ તો પરખાય છે કે જેટલો ભાર વાર્તા, નવલકથા, કવિતા કે નાટક ઉપર અપાય છે એટલો ભાર ચરિત્રસાહિત્ય, બાળસાહિત્ય, ચિંતનાત્મક નિબંધો, હાસ્યસાહિત્ય કે વિવેચનને અપાતો નથી. આ સઘળાં સ્વરૂપો મળીને સાહિત્યપદાર્થ બને છે. એટલે સાહિત્યનું સમગ્રદર્શી અવલોકન એ સરવૈયું છે. તો જ તેમાંથી પ્રજાચેતનાનો ધબકાર પામી શકાય.

કોઈ કહી શકે કે સરવૈયાકાર પાસે આટલી બધી અપેક્ષા રાખવી એ વધારે પડતું છે. પરંતુ આપણું નિશાન ઊંચું જ હોવું જોઈએ. આજે ચાલીસમા પગથિયે પહોંચેલો સરવૈયાકાર નિષ્ઠા હશે તો આવતી કાલે સાઠમા કે સિત્તેરમા પગથિયે પહોંચી શકે છે.

પ્રજાકીય ઉત્થાન-પતનના ગાળામાં સાહિત્ય મૂંગું રહી ન શકે. તેની રીત પ્રદર્શનની નહિ, દર્શનની હોય. તેની રીત આંજી નાખવાની ન હોય, જાગ્રત કરવાની હોય. તેની રીત સંભળાવવાની ન હોય, સંવેદના કેળવવાની હોય. એ રીતે સરવૈયામાં પ્રજાચેતનાની ધોરી નસના ધબકારની પરખ થાય છે. આવું સરવૈયું પોતાનું કર્તવ્ય ઉત્તમ રીતે બજાવે છે તેમ કહી શકાશે. આપણું સ્વાધ્યાયતપ સરવૈયામાં પણ નવાં નવાં શિખરો સર કરશે એવી અભ્યર્થના છે.

૨૫-૧૧-૨૦૧૪

❖

# નવી સદીનાં નાટકો : પ્રવાહો અને પડકારો

◆

**મહેશ ચંપકલાલ**

''એટલા જ માટે ને કે સેંકડો-હજારો વર્ષો પછી આંખે મેશ આંજી, પાનથી જીભ રાતી કરી, તેલિયો અંબોડો ખોલી, મંચ પર ચડીને કોઈ પાવૈયો કોઈ જાડિયાના હાથે લૂગડાં ખેંચાતા મોટા મોટા તાબોટા પાડી, પાતળા ફાટેલા અવાજે બચાવો બચાવોની બૂમો પાડે અને સામે જોનારાં છક થઈ જાય. શું એટલા જ માટે લૂંટાવી હતી મારી લાજ ? એક નાટકને માટે ?''

૨૧મી સદીના આરંભે દિલીપ ઝવેરીના 'વ્યાસોચ્છ્વાસ' નાટકમાં ('એતદ્' એપ્રિલ-જૂન ૨૦૦૧) દ્રૌપદીના મુખેથી બોલાતો આ સંવાદ, મહાભારતનાં પાત્રો પરત્વે નાટ્યકારના બદલાયેલા વલણનો તેમજ ગુજરાતી નાટકક્ષેત્રે પલટાયેલા પ્રવાહનો સંકેત કરે છે. પ્રશિષ્ટ ભાષાની જગ્યાએ 'અંબોડો - પાવૈયો - જાડિયાના હાથે' જેવા શબ્દપ્રયોગો અર્જુન, ભીમ, દુઃશાસન કે દુર્યોધનની મહાભારતકથિત ગરિમાનું ધરાર હનન કરે છે; ભાવકના-પ્રેક્ષકના ચિત્તમાં કંડારાયેલી તેમની શાલીન છબિને નિશ્ચિતપણે ખંડિત કરે છે. અહીં મૂળનાં પુરાણપાત્રો તો છે જ, સાથે સાથે પુરાણપાત્રોનો અભિનય કરતાં વર્તમાન પાત્રો પણ છે. આ પાત્રો જે પ્રકારની ભાષા બોલે છે તેના કારણે મહાભારતનાં ઊર્ધ્વ અને ઉદાત્ત પાત્રો જાણે માનુષી સ્તરે હોય, ગરિમા વિનાની ક્ષુદ્ર, અશ્લીલ, બીભત્સ અવસ્થામાં મુકાઈ ગયા હોય એવી પ્રતીતિ થાય છે. મહાભારત-મિથને આ રીતે વર્તમાન બિંદુથી અર્થઘટિત કરવાનો પ્રયાસ એક મહત્ત્વનો વળાંક સૂચવે છે. મહાભારતના ખ્યાત વૃત્તનું



નવીન અર્થઘટન અને તેને આધુનિક સંવેદનાથી પામવાનું વલણ નવી સદીનાં નાટકોનું એક પ્રમુખ વલણ રહ્યું છે, તેની પ્રતીતિ કરાવતાં અન્ય નાટકોમાં ધ્વનિલ પારેખનું 'અંતિમ યુદ્ધ', મહેશ દવેનું 'શિખંડી', રવીન્દ્ર પારેખનું 'મૃત્યુમિલન' એકાંકીનો સમાવેશ થાય છે. આ બધાં નાટકોમાં 'ભીષ્મ' અને તેમના દ્વારા આચરવામાં આવેલ અન્યાયનો ભોગ બનતી નારીઓ કેન્દ્રમાં છે. યુધિષ્ઠિરની સદેહે સ્વર્ગારોહણની ઘટનાનું નવીન અર્થઘટન તારવતી ત્રણ નાટ્યકૃતિઓ - દલપત ચૌહાણકૃત 'અંતિમ ચરણ', ચિનુ મોદીકૃત 'સ્વપ્ન દુઃસ્વપ્ન' અને યજ્ઞેશ દવેકૃત 'મહાપ્રસ્થાન' આ સદીમાં મળે છે. તો દ્રૌપદીકેન્દ્રિત ત્રણ નાટ્યકૃતિઓ પણ આ જ સૈકામાં પ્રાપ્ત થાય છે : હસમુખ બારાડીકૃત 'દ્રૌપદીનું દ્યૂત', ચિનુ મોદીકૃત 'મત્સ્યવેધ' અને રામજી વાણિયાકૃત 'આંખ, આવરણ અને સમરાંગણ'. આ ત્રણેય કૃતિઓમાં મહાભારતની દ્રૌપદી નવા સ્વરૂપે પ્રાપ્ત થાય છે. હસમુખ બારાડીએ આ દાયકામાં મહાભારતના કથાનકને નવા અર્થઘટન સાથે પ્રસ્તુત કરતાં બીજાં બે નાટકો આપ્યાં છે : 'સો કુંડો વચ્ચે ગાંધારી' અને 'સુયોધન'. અચેતન માંસપિંડના સો કુંડો વચ્ચે ઘેરાયેલી ગાંધારી દૃઢપણે માને છે કે ગર્ભધારણકાળ પ્રમાણે પોતાના જ પુત્રો જ્યેષ્ઠ ગણાવા જોઈએ, પાંડુપુત્રો નહીં. 'સુયોધન' નાટકમાં બારાડીએ ભાસની દુર્યોધનકેન્દ્રી નાટ્યકૃતિઓને એક તાંતણે બાંધી દુર્યોધનની દ્રૌપદી માટેની ઝંખનાને મહાભારતના યુદ્ધ માટે કારણભૂત માની ભાસની નાટ્યકૃતિઓને નવા દૃષ્ટિકોણથી આલેખી છે.

દુર્યોધનની પત્ની ભાનુમતિને કેન્દ્રમાં રાખીને લખાયેલ શિરીષ પંચાલકૃત 'ભાનુમતિ' નાટ્યકૃતિમાં ભાનુમતિ જેવા મહાભારતના ગૌણ પાત્રને નાયિકાપદે સ્થાપી તેના દ્વારા પતિપ્રેમ અને માતૃત્વને ઝંખતી સૌન્દર્યપ્રિયા એવી એક સામાન્ય નારીની વેદના પ્રગટ કરવામાં આવી છે. મહાભારતના દેવયાની-યયાતિના ખ્યાત કથાનકને નવીન અર્થઘટન સાથે રજૂ કરવા વીરુ પુરોહિતના દ્વિઅંકી નાટક 'પુરુ અને પૌષ્ટિ'માં ઇડિયસ રેક્સની પ્રતિચ્છાયા જોવા મળે છે તો સિતાંશુ યશશ્ચંદ્રના 'અશ્વત્થામા આજે હજી જીવે છે ને હણાય છે' નાટકમાં, 'હાથીપુત્ર અશ્વત્થામા'ના નિરૂપણ દ્વારા નિર્દોષીના નિકંદનની સર્વકાલીન સમસ્યા પ્રગટ થતી જોવા મળે છે. દક્ષેશ પાઠકકૃત 'જયદ્રથ', એસ. ડી. દેસાઈકૃત 'ગાંધારી', રવીન્દ્ર પારેખકૃત 'સુભદ્રા'માં પાત્રોની 'મહાભારતીય' છબીનો આધુનિક સંદર્ભમાં વિનિયોગ કરી શીર્ષકોની સાર્થકતા સિદ્ધ કરવામાં આવી છે. દલપત ચૌહાણે 'સંજય અને છગન'માં પુરાકલ્પનનો વ્યુત્ક્રમ સાધી 'ભગવદ્ ગીતા'ની સંજયદૃષ્ટિને દલિત સમસ્યાના

નિરૂપણ માટે ખપમાં લીધી છે.

— મહાભારતની જેમ 'રામાયણ' પણ આ સદીના નાટ્યકારોને પુનઃ અવલોકવા અને નવું અર્થઘટન તારવવા આકર્ષે છે. રવીન્દ્ર પારેખકૃત 'એક હતી સીતા'માં સીતા ધરતીમાં સમાઈ જતા પહેલાં રામને ચેતવે છે, કે 'આવનારી સ્ત્રીઓ માટે શીલપણું અને સહનશીલપણું જ ચરિત્રનિર્માણની ભૂમિકા બનશે અને તેનું નિમિત્ત રામ, તમે બન્યા છો.' હરીશ નાગ્રેચાકૃત 'અહલ્યા હજી મોક્ષ પામી નથી'માં અહલ્યાની અવદશા માટે ઈન્દ્રનું સ્વાર્થીપણું, ગૌતમઋષિનું ભાગેડુ સ્વામિત્વ જેટલું જવાબદાર છે, એટલું જ જવાબદાર દંડ રૂપે શ્રાપ સ્વીકારતું આત્મપીડક અહલ્યાનું કુંઠિત મન પણ છે એવું નવીન અર્થઘટન તારવી બળાત્કારનો ભોગ બનેલી આજની સ્ત્રી પરત્વેની મનોદશાને પ્રગટ કરવામાં આવી છે.

— ખ્યાત કથાવસ્તુના નૂતન અર્થઘટનની પરંપરામાં બૌદ્ધ જાતકકથામાં આવતા 'અંગુલિમાલ'ના પાત્રને વોટ ખરીદી સત્તા હાંસલ કરતા સાંપ્રત ભ્રષ્ટ રાજકારણીઓના પ્રતીક રૂપે વિકસાવતા સતીશ વ્યાસના 'અંગુલિમાલ' નાટકનો, તો ઈતિહાસની ઘટનાઓને નૂતન રીતે આલેખતાં નાટકોમાં પ્રવીણ પંડ્યાકૃત 'બેગમ હજરતમહલ', પ્રકાશ ત્રિવેદીકૃત 'કરેંગે યા મરેંગે' નાટકોનો ઉલ્લેખ કરી શકાય, જેમાં ધર્મઆધારિત સાંપ્રત રાજકારણનો પડઘો સાંભળવા મળે છે.

— જીવનચરિત્રાત્મક નાટકોનું લેખન અને મંચન એ પણ આ સદીનાં નાટકોનું સૌથી નોંધપાત્ર વલણ રહ્યું છે, તેમાંય ખાસ કરીને સાહિત્યકારોનાં જીવન અને કવનને આવરી લેતાં ચરિત્રકેન્દ્રી નાટકો સવિશેષ લખાયાં છે. ધનવંત શાહ કૃત 'વસંત વૈતાલિક કવિવર ન્હાનાલાલ' અને 'રાજવી કવિ કલાપી', કલાપીના જીવન-કવનને આવરી લેતું અનન્ય એકાંકી, ભરત યાજ્ઞિકકૃત 'સુર મધુ કલાપી' સતીશ વ્યાસકૃત 'કવિ કાન્ત'કેન્દ્રી નાટક 'જળને પડદે' અને વાર્તાકાર જયંત ખત્રીના જીવનને આવરી લેતું 'ધૂળનો સૂરજ', નર્મદની આત્મકથા પર મુખ્ય આધાર રાખી લખાયેલું હરીશ ત્રિવેદીકૃત 'નર્મદ - મારી હકીકત', નરસિંહ મહેતાનાં જીવન અને કવનને આવરી લેતું સિતાંશુ યશશ્ચંદ્રરચિત 'જાગીને જોઉં તો' અને મુંબઈની વ્યાવસાયિક રંગભૂમિ પર ભજવાયેલું 'નરસૈયાંનો નાથ', ગુજરાતીની જ્ઞાનમાર્ગી કવિતાના સર્વોત્તમ કવિ અખાનાં જીવન અને કવન પર આધારિત મનોજ શાહદિગ્દર્શિત નાટક 'અખો આખાબોલો', તેમજ ચિનુ મોદી દ્વારા લખાયેલું અન્ય નાટક 'અખો'. મુંબઈની રંગભૂમિ પર ભજવાયેલાં પણ પુસ્તક રૂપે પ્રગટ નહીં થયેલાં સાહિત્યકારોનાં જીવન-કવનલક્ષી અન્ય ચરિત્રનાટકોમાં વિનીત શુક્લકૃત



'મરીઝ', હેમચંદ્રાચાર્યના જીવનને આવરી લેતું 'સિદ્ધહેમ', મણિલાલ નભુભાઈ દ્વિવેદીના ડાયરી રૂપે લખાયેલા આત્મવૃત્તાંતનો આધાર લઈ મિહિર ભુતા દ્વારા લખાયેલું 'જલ જલ મરે પતંગ' વગેરે નાટકોનો ઉલ્લેખ કરી શકાય.

— સાહિત્યકાર સિવાયની ઈતિહાસપ્રસિદ્ધ વ્યક્તિઓનાં જીવનને પણ ગુજરાતના નાટ્યજગતે તેમજ મુંબઈની રંગભૂમિએ આ સદીમાં સાકાર કર્યાં છે. મિહિર ભુતાકૃત 'ચાણક્ય', વિનીત શુક્લ અને પ્રવીણ પંડ્યા બંને દ્વારા સ્વતંત્રપણે લખાયેલાં-ભજવાયેલાં 'મોનજી રૂદર'ના જીવનસંબંધી નાટકો 'મોનજી રૂદર' તથા 'અને એક દિવસ', હરીશ ત્રિવેદીકૃત 'અમૃત કેશવ નાયક', શ્રીમદ્ રામચંદ્રના જીવનની ઝાંખી કરાવતું નાટક 'અપૂર્વ અવસર', જયપુર રાજ્યના દીવાન અમરચંદના જીવનને નિરૂપતું 'મૃત્યુંજય', દાનેશ્વરી તરીકે વધુ જાણીતા વસ્તુપાળ-તેજપાળના મંત્રી અને સેનાપતિ તરીકેના ઓછા જાણીતા છતાં અતિ મહત્ત્વના પાસાને ઉજાગર કરતું નાટક 'વસ્તુપાળ-તેજપાળ', રાજા ભર્તૃહરિના જીવનને ઉજાગર કરતું નાટક 'અમરફળ', શિકાગો શહેરમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદ સાથે જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહીને દેશપ્રેમ અને ભારતની આઝાદી વિશે પોતાનો અવાજ બુલંદ કરનાર એક ભૂંસાયેલા જૈન ગુજરાતી વીરચંદ ગાંધીની મહત્તા સ્થાપિત કરતું 'ગાંધી બીફોર ગાંધી', ગાંધીજીની એક પિતા તરીકેની નિષ્ફળતા નિરૂપતું નાટક 'ગાંધી વિરુદ્ધ ગાંધી', સરદાર વલ્લભભાઈ પટેલના જીવનને રંગમંચ ઉપર સાકાર કરતાં નાટકો 'લોખંડી પુરુષ - સરદાર પટેલ' તથા 'ભારતભાગ્યવિધાતા' તેમજ આદિ ગુરુ શંકરાચાર્યના જીવનને સ્પર્શતાં બે નાટકો 'યુગપુરુષ આદિ શંકરાચાર્ય' અને 'શિવોહમ્ - શિવોહમ્', વડોદરાના મહારાજ સર સયાજીરાવના જીવનને પ્રમાણભૂત રીતે રજૂ કરતાં બે નાટકો 'વિરલ રાજવી' તેમજ 'ગોપાલ અને સયાજી' દુર્ગારામ મહેતાજીના જીવનને આલેખતું એકાંકી 'દુર્ગારામ મહેતાજી', ગાંધીજીનાં જીવનસંગિની કસ્તુરબાના જીવનને નવતર શૈલીમાં રજૂ કરતું નારાયણભાઈ દેસાઈકૃત 'કસ્તુરબા' નાટક — આટઆટલાં ચરિત્રાત્મક નાટકો આપણને આ સદીના પહેલા દાયકામાં પ્રાપ્ત થયાં છે.

— નવી સદીનાં ગુજરાતી નાટકોનું એક મુખ્ય વલણ દેશ-વિદેશની વિખ્યાત નાટ્યકૃતિઓનું રૂપાંતરણ અને પ્રશિષ્ટ કૃતિઓનું કથાબીજ લઈ તેનું મૌલિક નાટ્ય રૂપે નવસર્જન કરવાનું પણ રહ્યું છે. મહેશ એલકુંચવારની પ્રસિદ્ધ નાટ્યકૃતિ 'વાડા ચિરેબંદી'નું રવીન્દ્ર પારેખે કરેલું સબળ અને સફળ રૂપાંતર 'તિરાડે ફૂટી કુંપળ', ચેખોવના 'ધ પ્રપોઝલ' પરથી લખાયેલું અશ્વિની ભટ્ટનું ત્રિઅંકી સર્જન

'રમણભ્રમણ', મોલિયેરના સુવિખ્યાત નાટક 'ટાર્ટૂફ'નું તારક મહેતાએ કરેલું રૂપાંતર 'એક મૂરખને એવી ટેવ' અને મુંબઈની વ્યાવસાયિક રંગભૂમિ પર મોલિયેરના અન્ય પ્રહસન 'ઇમેજનરી ઇનવેલિડ'નું પણ એ જ શીર્ષકથી રૂપાંતરણ, યુરિપીડીઝની જગવિખ્યાત નાટ્યકૃતિ 'મીડિયા'ના આધારે ભરત નાયકે લખેલું 'મેરાન્દે' અને 'ફિડલર ઑન ધ રૂફ'ના સૂક્ષ્મ કથાતંતુનો આધાર લઈ ચિનુ મોદીએ રચેલું 'ઢોલીડો', 'ડૉલ્સ હાઉસ' પરથી પ્રેરિત પરેશ નાયકકૃત 'ચક્રવાત', જનક દવે દ્વારા 'મીડિયા'નું એકાંકી સ્વરૂપ વગેરે નોંધપાત્ર કહી શકાય તેવાં રૂપાંતરો-અનુસર્જનો છે.

સુપ્રસિદ્ધ નાટ્યકાર હસમુખ બારાડીએ ગઈ સદીમાં જેમ રમણભાઈ નીલકંઠના પ્રશિષ્ટ નાટક 'રાઈનો પર્વત'નો આધાર લઈ, તેનાં પાત્રો અને પરિસ્થિતિઓને કેટલેક અંશે મૂળ પ્રમાણે તેમજ તેમાં યોગ્ય ઉમેરણ કરી તે દ્વારા શાસનતંત્રમાં લોકભાગીદારીની જિકરને તારસ્વરે રજૂ કરતું 'રાઈનો દર્પણરાય' નાટક લખેલું, તેમ નવી સદીમાં પણ તેઓ શેક્સપિયરની વિખ્યાત ટ્રૅજિક કૃતિ 'જુલિયસ સીઝર' અને શૂદ્રકની વિખ્યાત સંસ્કૃત નાટ્યકૃતિ 'મૃચ્છકટિક'નો આધાર લઈ બે નવાં મૌલિક નાટકો પ્રથમ વાર સ્વતંત્ર રૂપે પ્રગટ કરે છે, 'હું જ સીઝર, ને હું જ બ્રુટ્સ' અને 'સહુને એક ગણિકા જો'યે' ઉર્ફે 'શકાર - મહાઅવતાર અપરંપાર'. બારાડીની જેમ પ્રવીણ પંડ્યા પણ શેક્સપિયરના જગપ્રસિદ્ધ નાટક 'મેકબેથ'ના કેન્દ્રવર્તી વિચારને આધારે નવું મૌલિક નાટક લખે છે, 'સત્તાધીશ'. ચિનુ મોદી, ગોવર્ધનરામ ત્રિપાઠીની કાળજયી નવલકથા 'સરસ્વતીચંદ્ર'ના પહેલા ભાગમાં આવતા 'બુદ્ધિધન'ના પાત્રને કેન્દ્રમાં રાખી નવલકથાનું નવા દૃષ્ટિકોણથી રૂપાંતર કરે છે, તો મધુ રાય કનૈયાલાલ મુન્શીની વિખ્યાત નવલકથા 'પૃથિવીવલ્લભ'ને એકાંકી રૂપે ઢાળવાનો પુરુષાર્થ કરે છે. મધુ રાયની જ નવલકથા 'કિમ્બલ રેવન્સવુડ'નાં બબ્બે નાટ્યરૂપાંતરો એકસાથે પ્રગટ થાય છે, 'યોગેશ પટેલનું વેવિશાળ' તેમજ 'મનગમતી કન્યાની શોધમાં'. ચિનુ મોદી પોતાનાં અગાઉનાં નાટકો અને એકાંકીઓનો પુનઃ વિનિયોગ કરી એક નવતર પ્રયોગ રૂપે 'મેમરીલેન' અને 'સૂત્રધાર' જેવાં દીર્ઘ નાટકો આપે છે તો મધુ રાય પણ પોતાની ત્રણ વાર્તાઓને નાટ્યરૂપ આપી તેને એક દીર્ઘ નાટક રૂપે પ્રસ્તુત કરે છે, 'પાનકોર નાકે જઈ' શીર્ષકથી.

મૂર્ધન્ય કવિ રાજેન્દ્ર શાહ પોતાની જ વાર્તાનું નાટ્યરૂપ 'ગતિમુક્તિ' એકાંકી રૂપે પ્રગટ કરે છે તો જયન્ત પારેખ અમેરિકન વાર્તાકાર હેમિંગ્વેની વિખ્યાત વાર્તા 'ધ કિલર્સ'નું ગુજરાતી નાટ્યરૂપાંતર, ગુજરાતી પાત્ર-પરિવેશ સાથે પ્રસિદ્ધ



કરે છે. મુંબઈની વ્યાવસાયિક રંગભૂમિ ભલે રૂપાંતરો ઉપર નભી હોય પણ તે નિમિત્તે કેટલાંક મૌલિક કક્ષાનાં ઉત્તમ રૂપાંતરો પ્રાપ્ત થયાં છે. જેમ કે સતીશ આળેકરના વિખ્યાત નાટક 'બેગમ બર્વે'નું ચંદ્રકાંત શાહે કરેલું ગુજરાતી રૂપાંતર 'માસ્ટર ફૂલમણિ' અને શફાઅત ખાનના જાણીતા નાટક 'શોભાયાત્રા'નું એ જ શીર્ષકથી અનુરાગ પ્રપન્ને કરેલું રૂપાંતર. કપિલદેવ શુક્લે તો નવલકથાઓનાં થોકબંધ રૂપાંતરો ભજવ્યાં છે.

– મુંબઈના તખ્તાએ આ દાયકામાં ગુજરાતી સાહિત્ય અને રંગભૂમિ મળે એ દિશામાં હરણફાળ ભરી છે ને તેમાં ઇમેજ પબ્લિકેશનનો તેમજ નવયુવાન દિગ્દર્શક મનોજ શાહ ને તેમની નાટ્યમંડળી 'આઇડિયાઝ અનલિમિટેડ'નો સિંહ-ફાળો રહ્યો છે. સાહિત્યકારોનાં પુસ્તકપ્રકાશન નિમિત્તે, પુણ્યતિથિ નિમિત્તે, પુરસ્કાર - પ્રદાન નિમિત્તે કે અન્ય કોઈ કારણસર પણ ગુજરાતી કવિતા, વાર્તા, નવલકથા કે સંગીત પણ નવા નવા સ્વરૂપે ગુજરાતી રંગભૂમિ પર જોવા મળે, શ્રોતાઓને પ્રેક્ષકો બનવાની તક સાંપડે એવી મુંબઈના ગુજરાતી સાંસ્કૃતિક ક્ષેત્રે વધતી જતી એક એક પ્રયોગ પૂરતી ભજવણીની ઘટનાઓએ આ દાયકા દરમ્યાન વ્યાવસાયિક રંગભૂમિની સમાંતરે એક સબળ વૈકલ્પિક રંગભૂમિનાં મંડાણ કર્યાં છે. મુનશી, કલાપી, ચં.ચી, મેઘાણી, પન્નાલાલ, હરીન્દ્રથી માંડીને ચંદ્રકાંત શાહ સુધીના સર્જકોની કૃતિઓ રંગભૂમિના માધ્યમ દ્વારા રજૂ કરવાની તકો આ દાયકામાં સવિશેષ પ્રાપ્ત થઈ છે ને તેમાં ચોવીસે કલાક વ્યસ્ત રહેતા વ્યાવસાયિક કલાકારોએ, કસબીઓએ અને નિર્માણ-વિજ્ઞાપન સાથે સંકળાયેલા સૌ કોઈએ હૃદયપૂર્વક સહકાર આપ્યો છે અને મુંબઈની ગુજરાતી રંગભૂમિએ, ઉત્પલ ભાયાણીના શબ્દોમાં કહીએ તો, ભલેને એક સાંજ માટે પણ ઊજળો હિસાબ આપ્યો છે. રંગભૂમિના માધ્યમથી ગુજરાતી સાહિત્યને શ્રેષ્ઠ સર્જકો અને એમના સર્જનની ઝાંખી આજની પેઢીને આજના યુગમાં મળી રહે એ પણ આ દાયકાનું એક મોટું આશ્વાસન છે. ભલેને એક પ્રયોગ પૂરતું પણ રંગમંચ પર આખ્ખેઆખ્ખું ગુજરાતીપણું જીવંત બની જતું હોય એવા પ્રયોગોની નોંધ ઉત્પલ ભાયાણીએ અવશ્ય લીધી છે. સન્ ૨૦૦૧-૨૦૦૪ના ગાળામાં ગુજરાતી સાહિત્ય પરિષદના દૃશ્ય-શ્રાવ્ય કેન્દ્ર અંતર્ગત પરેશ નાયકે કેટલીક સાહિત્યિક કૃતિઓની ભજવણી તથા પ્રયોગશીલ રજૂઆતો તેમજ નાટ્યલેખકો ને કલાકારો સાથેની બેઠકો યોજીને સાહિત્યિક રચનાઓને બળે સમાંતર રંગભૂમિને અનુકૂળ વાતાવરણ સર્જવાની મથામણ કરી એ પણ એક આવકારદાયક ઘટના લેખી શકાય.

— ગુજરાતી નાટ્યસાહિત્યને રંગભૂમિની ઔર નજદીક લાવવાના પ્રયાસ રૂપે આ સદીના પ્રથમ દાયકામાં, ભજવી શકાય તેવાં મૌલિક ગુજરાતી નાટકોના લેખનની સ્પર્ધાઓ પણ યોજાઈ. ગત દાયકાના અંતભાગમાં દિલ્હીની સંગીત નાટક અકાદમીએ રાજ્યસ્તરે પ્રાદેશિક ભાષામાં નવા લેખકો મળી રહે તે હેતુથી અમલમાં મૂકેલી યોજના હેઠળ વડોદરાની મ.સ.યુનિ.ના નાટ્યવિભાગના સહયોગથી ગુજરાતી નાટ્યલેખકો માટે યોજાયેલી કાર્યશિબિરના અંતે પ્રાપ્ત થયેલી ત્રણ નોંધપાત્ર મૌલિક ગુજરાતી નાટ્યકૃતિઓ 'પુરૂ અને પૌષ્ટિ' (લેખક : વીરુ પુરોહિત), 'હાથીરાજા' (લેખક : પ્રવીણ પંડ્યા) અને 'જ્વાળામુખી' (લેખક : પ્રજ્ઞા પટેલ) આ દાયકામાં સ્વતંત્ર પુસ્તક રૂપે પ્રગટ થાય છે.

ગુજરાતી નાટ્યલેખનને ઉત્તેજન આપવાના આશયથી વિકલ્પ, કૉફીમેટ્સ અને 'મુંબઈ સમાચાર'ના સથવારે યોજાયેલી નાટ્યલેખનસ્પર્ધા-અંતર્ગત વિજેતા નીવડેલાં પાંચ નાટકો - 'સૂરા અને શત્રુજિત' (લેખક : મધુ રાય), 'અંતિમ યુદ્ધ' (લેખક : ધ્વનિલ પારેખ), 'શિખંડી' (લેખક : મહેશ દવે), 'ચિયર્સ' (લેખક : આકાશ નાયક) તથા 'છેલ્લો અંક' (લેખક : કિન્નરી - રામુ રામનાથન) સ્વતંત્ર પુસ્તક રૂપે 'નાટ્યપર્વ - ૨૦૦૪' શીર્ષકથી પ્રકાશિત થાય એ પણ નોંધપાત્ર ઘટના ગણાય. અમદાવાદ ખાતે 'નાટક-બુડ્રેટી' દ્વારા પણ આ સદીના પ્રથમ દાયકામાં વિવિધ શૈલીનાં શ્રેષ્ઠ મૌલિક ગુજરાતી નાટકોની સ્પર્ધા યોજવાની તેમજ કેન્દ્રીય સંગીત નાટક અકાદમી, વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર, નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામા વગેરેના સહયોગથી નાટ્યલેખકોને રંગભૂમિ સાથે જોડી આપતી કાર્યશિબિરો આયોજિત કરવાની હાથ ધરવામાં આવી તે પણ એટલી જ મહત્ત્વની ઘટનાઓ લેખાય.

— નવી સદીમાં ડાયસ્પોરા સાહિત્યને વિશેષ દરજ્જો પ્રાપ્ત થતાં તેની વિવેચકો દ્વારા ખાસ્સી નોંધ લેવામાં આવી છે. આ સદીના પ્રથમ દાયકામાં NRI - ખાસ કરીને NRG - સમસ્યા નિરૂપતાં નાટકો વિશેષ પ્રમાણમાં લખાયાં છે તેમજ મંચિત થયાં છે. મધુ રાયનાં બે દીર્ઘ નાટકો 'યોગેશ પટેલનું વેવિશાળ' અને 'સૂરા અને શત્રુજિત' તેમજ એકાંકી 'મિસિસ મૂર્તિ'માં જોકે વતનનો ઝુરાપો નથી પણ અમેરિકામાં વસતા ગુજરાતીઓની માનસિકતા ઉત્તમ રીતે ઝિલાઈ છે. 'ફૅમિલી ઑફ એનઆરઆઈ અમથાલાલ' ગ્રીનકાર્ડની/મોટલ ખરીદીની સમસ્યાને રજૂ કરતું ને મુંબઈના તખ્તા પર સફળતાપૂર્વક ભજવાયેલું પ્રહસન છે તો 'લાઇટ ! ઍક્શન ! બ્લૂ જીન્સ' તેમજ 'પરપોટાના ઘરમાં' અમેરિકાસ્થિત ચંદ્રકાંત શાહ ને પન્ના



નાયકનાં વસાહતી અનુભવને વાચા આપતાં કાવ્યોનું સફળ મંચન છે. અમેરિકાવાસી ડૉ. નીલેશ રાણાની નવલકથા 'પોઇન્ટ ઑફ નો રિટર્ન'માં પણ અમેરિકામાં વસતી જૂની-નવી પેઢીના વૈચારિક સંઘર્ષનું નિરૂપણ છે જે પોણા કલાકના નાટ્ય રૂપે 'બૂમરેંગ' શીર્ષકથી મુંબઈના તખ્તા ઉપર ભજવાઈ છે.

— રંગમંચ સિવાયના માધ્યમો માટે લખાયેલાં નાટકો પણ આ સદીના પ્રથમ દાયકામાં ગ્રંથસ્થ થયાં છે જેમાં તારક મહેતા, ધીરુબહેન પટેલ, લવકુમાર દેસાઈની આકાશવાણી માટે લખાયેલી કૃતિઓના સંગ્રહ ઉપરાંત સમગ્ર ગુજરાતી નાટ્યસાહિત્યમાં સૌપ્રથમ વાર ખાસ ટેલિવિઝન માટે લખાયેલાં ટેલિપ્લેઝનો સંગ્રહ 'દસ્તો-પિંજર-ખાલ-કબૂતર' (લેખક : હરીશ નાગ્રેચા)નો ઉલ્લેખ અવશ્ય કરવો પડે. અહીં ટેલિવિઝનની માધ્યમગત વિશેષતાઓ પૂરેપૂરી ખપમાં લેવામાં આવી છે ને આ પ્રકારનાં નાટકો ભવિષ્યમાં લખાય તેનું એક માર્ગદર્શન 'મોડલ' પણ અહીં પ્રાપ્ત થાય છે.

— નારીચેતનાને ઉજાગર કરતાં ને નારીવાદી વલણો ધરાવતાં નાટકોનો પ્રવાહ પણ આ સદીમાં વેગવંતો રહ્યો છે. ગુજરાત અને મુંબઈની બાર લેખિકાઓના વલસાડ ખાતે મે-જૂન ૨૦૦૪ માં યોજાયેલ વર્કશોપમાં દસ નાટકો ઊભરી આવ્યાં જે 'નાયિકાપ્રવેશ' શીર્ષકથી હિમાંશી શેલત અને અદિતિ દેસાઈના સંપાદનમાં પ્રકાશિત થાય છે. ધીરુબહેન પટેલનો રેડિયોનાટ્યસંગ્રહ 'આકાશમંચ' અને હરીશ નાગ્રેચાનો ટેલિપ્લેસંગ્રહ 'દસ્તો-પિંજર-ખાલ-કબૂતર' પણ સ્ત્રીની સંવેદનાઓને, સ્ત્રીનાં મનને અનાવૃત કરે છે. સતીશ વ્યાસનું પહેલાં એકાંકી રૂપે ને પછી દ્વિઅંકી નાટક રૂપે પ્રગટ થયેલ 'કામરુ'માં 'રૅડિકલ ફેમિનિઝમ'નો નહીં, પણ નાટકના અંતે માતૃત્વના મહિમા દ્વારા 'વુમનિઝમ'નો મહિમા થયો હોઈ એક જુદી જ ભાત પાડતું નારીવાદી નાટક બની રહે છે.

— દલિત ચેતના પ્રગટાવતાં નાટકોનું લેખન અને મંચન પણ નવી સદીની નાટ્યપ્રવૃત્તિનું એક વ્યાપક વલણ છે. આ દાયકામાં જ ગુજરાતી દલિત સાહિત્યમાં પ્રથમ વાર હરીશ મંગલમ્‌ના સંપાદનમાં 'હયાતી' સામયિકનો દલિત એકાંકી વિશેષાંક પ્રગટ થાય છે. દલપત ચૌહાણનાં દલિત એકાંકીઓનો સંગ્રહ 'હરીફાઈ' તેમજ મોહન પરમારનો દલિત વિચારધારાની સાથે સાથે સામાજિક સમરસતાની ખેવના પ્રગટ કરતા એકાંકીઓનો સંગ્રહ 'બહિષ્કાર' એક જ વર્ષમાં પ્રકાશિત થાય છે. સન ૨૦૦૬ના પૃથ્વી થિયેટર્સ, મુંબઈના નાટ્યોત્સવની એકમાત્ર ગુજરાતી ભજવણી, સૌમ્ય જોષીરૂપાંતરિત-દિગ્દર્શિત 'આઠમા તારાનું આકાશ' ઉપેક્ષિતો

પરત્વે સંવેદના સંકોરતું, તેમની દશા-અવદશાનું આક્રોશપૂર્વક આલેખન કરતું એક મહત્ત્વનું નાટક છે.

— સમાજના સાંપ્રત બનાવો, ઘટનાઓને કેન્દ્રમાં રાખી નાટકો લખવાં-ભજવવાંનું વલણ આ પણ આ સદીનું એક મહત્ત્વનું વલણ છે જે નાટ્યકારની સામાજિક પ્રતિબદ્ધતાનો નિર્દેશ કરે છે. બાબરી ધ્વંસ અને ગોધરાકાંડ પછી ફાટી નીકળેલાં હિન્દુ-મુસ્લિમ રમખાણોથી ક્ષુબ્ધ થયેલા નાટ્યલેખકો પાસેથી એ ઘટનાના પ્રત્યાઘાત રૂપે મળેલાં નાટકોમાં સૌમ્ય જોષીકૃત 'દોસ્ત અહીં ચોક્કસ એક નગર વસતું હતું' સૌથી નોંધપાત્ર નાટક છે. એ જ રીતે પ્રવીણ પંડ્યાનાં એકાંકીઓમાં પણ રમખાણોની છાયા જોવા મળે છે. અમદાવાદ શહેરમાં સન ૨૦૦૩ના વર્ષમાં તા. ૩૧ ડિસે.ના રોજ નવા વર્ષની ઉજવણી નિમિત્તે નાઈટ પાર્ટીના નામે એક કૉલેજિયન યુવતી પર કરવામાં આવેલા સામૂહિક બળાત્કારના બનાવની આસપાસ ચકરાવો લેતું વાસ્તવ અને કલ્પનાના તાણાવાણા ગૂંથીને રચાયેલું ભાનુમતી એચ. શાહકૃત ત્રિઅંકી નાટક 'મુખ્યમંત્રીનું રાજીનામું', અફઘાનિસ્તાનના આતંકવાદની પૃષ્ઠભૂમિ પર રચાયેલું કેશુભાઈ દેસાઈકૃત 'બુદ્ધ સામે યુદ્ધ' નાટક પણ આ પરંપરાનાં અન્ય નોંધપાત્ર નાટકો છે.

— પદ્યનાટકની દિશામાં પણ આ સદીમાં નોંધપાત્ર પ્રયોગો થયા છે. ચિનુ મોદી પોતાનાં જૂનાં-નવાં બધાં થઈને કુલ સાત પદ્યનાટકોનો સર્વસંગ્રહ 'મત્સ્યવેધ' શીર્ષકથી પ્રગટ કરે છે. મૂર્ધન્ય કવિ રાજેન્દ્ર શાહના પ્રથમ એકાંકીસંગ્રહ 'ગતિમુક્તિ' (પ્રકાશન ૨૦૦૪)માં પણ જેને શુદ્ધપણે પદ્યરૂપકો કહી શકાય તેવાં બે પદ્યરૂપકો પ્રાપ્ત થાય છે, 'વાણી અને સૂર' તથા 'પદ્માવતી'. હસમુખ બારાડીની ત્રણ મહત્ત્વની પદ્યનાટ્યકૃતિઓ સ્વતંત્ર પુસ્તક રૂપે આ દાયકામાં પ્રથમ વાર પ્રકાશિત થાય છે — 'સો કુંડો વચ્ચે ગાંધારી', 'જશુમતી-કંકુવતી' તથા 'હું જ સીઝર અને હું જ બ્રુટસ'. વિનોદ અધ્વર્યુની દૃષ્ટિએ તો બારાડીનાં આ ત્રણે પદ્યનાટકો સાચા અર્થમાં 'પદ્યનાટકો' છે, એટલું જ નહીં પણ પ્રાચીન પૂર્વખ્યાતને બદલે રોજિંદા વાસ્તવને વસ્તુ રૂપે અપનાવતું 'જશુમતી-કંકુવતી' એ પ્રકારનું ગુજરાતી સાહિત્યનું પૂરા કદનું પ્રથમ પદ્યનાટક છે. યજ્ઞેશ દવેનું 'મહાપ્રસ્થાન' પણ મુક્તછંદને અપનાવતું પદ્યનાટક છે.

— ગુજરાતના લોકનાટક 'ભવાઈ' સાથેનું અનુસંધાન પણ નવી સદીમાં સચવાયું છે. પ્રવીણ પંડ્યાકૃત 'હાથીરાજા', હાથણી કળશ ઢોળે એ રાજા થાય એવા જાણીતા કથાનકનું સાંપ્રતના સંદર્ભમાં નૂતન અર્થઘટન નિરૂપે છે જેમાં



'ભવાઈ' પાત્ર રૂપે આવે છે. જયંતી પટેલ 'રંગલો'કૃત 'સુન બે ગાફલ બંદા'માં એક સમયે મુંબઈના તખ્તાને ગજાવનાર ભવાઈ શૈલીના પ્રહસન 'નેતા-અભિનેતા' તથા 'સરવાળે બાદબાકી'નું પુનઃમુદ્રણ ઉપરાંત ક્લિન્ટન-મોનિકાના સેક્સ-કાંડને વણી લેતું ભવાઈ શૈલીનું 'યોગી ભોગીલાલ' નાટક તથા 'રૂપિયાના ઝાડનો વેશ'નો સમાવેશ થાય છે. જનક દવેરચિત 'આધુનિક ભવાઈવેશો તથા તેનું શાસ્ત્ર' તથા 'વેશ સજે પરિવેશ નવો' અને કિરણ દલાલકૃત 'તાક્ થૈ'માં સામાજિક સમસ્યાઓનું ભવાઈ શૈલીમાં નિરૂપણ થયું છે.

— નવી સદીના પ્રહેલા દાયકામાં બાળનાટ્યલેખનનું સાતત્ય પણ જળવાયેલું જોવા મળે છે. દાયકાના આરંભે હરીશ નાયક 'લો, આ રહ્યાં નાટકો' નામક અગિયાર બાળનાટકોનો સંગ્રહ પ્રગટ કરે છે. તે પછીના ગાળામાં પ્રજ્ઞા પટેલ 'અમારે કંઈક કહેવું છે', કરસનદાસ લુહાર 'ધરતીનાં ફેફસાં', પ્રકાશ લાલા 'હીપહીપહુર્રે' અને ઉષા ઉપાધ્યાય 'મસ્તીખોર મનિયો' શીર્ષકથી બાળનાટકો પ્રકાશિત કરે છે તો અમદાવાદના જાણીતા બાળનાટ્યકાર ચંદ્રકાંત ઠક્કર 'મેહ' બાળનાટકોની એક આખી શ્રેણી લઈને આવે છે.

— પૂર્ણ લંબાઈનાં નાટકોની સમાંતરે એકાંકીલેખન અને મંચનનો પ્રવાહ નવી સદીમાં પણ જરાય મંદ પડ્યો નથી. ગઈ સદીનાં નીવડેલા નાટ્યકારો લાભશંકર ઠાકર, મધુ રાય, ચિનુ મોદી, ઇન્દુ પુવાર, શ્રીકાંત શાહ, રવીન્દ્ર પારેખ, હસમુખ બારાડી આ સદીના પહેલા દાયકામાં પણ એકાંકીલેખનક્ષેત્રે સક્રિય રહ્યા છે. પ્રવીણ પંડ્યા, જિતેન્દ્ર પટેલ, કાર્તિકેય ભટ્ટ, અમિત શાહ, સતીશ દેસાઈ, સૌમ્ય જોષી, આશિષ ઠાકર, મુંબઈવાળા સતીશ વ્યાસ, પ્રિ. કેશુભાઈ પટેલ, પીયૂષ ભટ્ટ જેવા નવોદિતોની સાથે સાથે રાજેન્દ્ર શાહ અને ઉશનસ્ જેવા મૂર્ધન્ય કવિઓના પ્રથમ એકાંકીસંગ્રહો આ સદીમાં પ્રાપ્ત થાય છે.

'નવી સદીનો આ નવો ફાલ' ગુજરાતી નાટક અને રંગભૂમિની ઊજળી આવતીકાલની ચાડી ખાય છે પણ તેની સાથે સાથે, ગઈ સદીની ગુજરાતી રંગભૂમિના પ્રશ્નો નવી સદીમાં પણ ડોકાતા રહ્યા છે એ હકીકત ચિંતા અને ચિંતન કરાવનારી અને નવા પડકારો ઊભા કરનારી સાબિત થાય છે. સૌથી મોટી અને પ્રમુખ સમસ્યા છે, આ બધાં નાટકોની સુદૃઢ ભજવણી માટેની સાતત્યપૂર્ણ એવી રંગભૂમિ સંપડાવી આપવાની, ગુજરાતી નાટ્યકાર અને ગુજરાતી રંગભૂમિ વચ્ચેનો વિચ્છેદ દૂર કરવાની. ''બંગાળી, મરાઠી કે કન્નડ ભાષામાં જો ધંધાદારી નાટકોની જોડાજોડ પ્રયોગશીલ અને કલાત્મક નાટકો પણ પૂરતી સંખ્યામાં લખાય, ભજવાય

અને પ્રેક્ષકોની જંગી દાદ મેળવે તો શા માટે ? આપણા ગુજરાતી રંગમંચ પર ન તો એવા રાષ્ટ્રીય સ્તરનાં નાટકો લખાય, ન તો વારંવાર ભજવાય ન તો કદી પ્રેક્ષકોનો બહોળો આવકાર મળે ?'' ભરત દવેના આ પ્રશ્નનો ઉત્તર આપવાનો બાકી છે. ''સહુના યથાશક્તિ પ્રયત્નો હોવા છતાં હજી રાષ્ટ્રીય સ્તરે આપણી રંગભૂમિની કેમ કોઈ સ્વીકૃતિ નથી ? કોઈનું પણ નામ... આટલાં વર્ષોમાં ગુજરાતી દિગ્દર્શક તરીકે રાષ્ટ્રીય સ્તરે નથી લેવાયું. રતન થિયમ, હબીબ તન્વીર, બી. વી. કારંથ, કે.એન. પણિકર, વિજયા મહેતા, બાદલ સરકાર વગેરે આવાં ઘણાં નામોની જેમ કોઈ એક ગુજરાતી નામ હજી રાષ્ટ્રીય રંગભૂમિની નોંધમાં કેમ નથી ?'' નિમેષ દેસાઈનો આ સવાલ આ સદીના પહેલા દાયકા સુધી તો નિરુત્તર જ રહ્યો છે ! ગુજરાતમાં સાતેક દાયકા સુધી લગાતાર ચાલતી રહેલી સમાંતર રંગભૂમિની પ્રવૃત્તિ છેલ્લાં વીસેક વર્ષમાં આઘાતજનક રીતે ધોવાતી ચાલી તેની પાછળ જેટલાં બાહ્ય પરિબળો જવાબદાર છે તેથી વિશેષ ભાષા અને કલા પ્રત્યેનો આંતરિક 'ગુજરાતી' અભિગમ કારણરૂપ હોવાનું જ્યારે પરેશ નાયક જણાવે ત્યારે તેમાં કશી અતિશયોક્તિ જણાતી નથી. ''માધ્યમ તરીકે, ગુજરાતી રંગભૂમિની સામાજિક ભૂમિકા એકદમ ટૂંકી અને માત્ર એકવિધ - માત્ર હળવા મનોરંજનની - જ રહી છે... ગુજરાતી સાહિત્ય અને સાહિત્યકારો મુખ્ય પ્રવાહની ગુજરાતી રંગભૂમિ માટે હજી પણ (નવી સદીમાં પણ) ઈતરજન જ રહ્યા છે'' એવું ઉત્પલ ભાયાણી અવલોકે કે પછી ''દર રવિવારે અખબારમાં દોઢ-બે પાનાં ભરીને આવતી (મુંબઈના વ્યાવસાયિક ગુજરાતી) નાટકોની જાહેરખબરોથી રંગભૂમિનો ભપકો આંખોને આંજી દેતો ભલે લાગે, પણ એ ક્ષયરોગથી પીડાતા માણસને રંગભૂષા અને વેશભૂષાથી શણગારીને સ્પૉટ લાઇટમાં ઊભા રાખવા જેવી કસરત છે'' એવું જો નિરંજન મહેતા નોંધે તો તે આપણે નતમસ્તક સ્વીકારવું પડે તેનાથી મોટો પડકાર નવી સદીનાં નાટકો માટે બીજો કયો હોઈ શકે ? અસ્તુ !

❖



# ગુજરાતી સાહિત્ય પરિષદ

## ૨૮મું જ્ઞાનસત્ર

શ્રી ગુજરાતી સમાજ, ઈન્દોર (મ.પ્ર)
તા.૧૯-૨૦-૨૧ ડિસેમ્બર-૨૦૧૪

### અધ્યક્ષીય પ્રવચન

- **સર્જાતા સાહિત્યનાં લેખાંજોખાં : અનિવાર્ય અને ઉપયોગી**
  **— મનસુખ સલ્લા**
- **નવી સદીનાં નાટકો : પ્રવાહો અને પડકારો**
  **— મહેશ ચંપકલાલ**

**ગુજરાતી સાહિત્ય પરિષદ**
ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૨૬૫૭૬૩૭૧, ૨૬૫૮૭૯૪૭
વેબસાઈટ : www.gujaratisahityaparishad.org

# ૨૮મું જ્ઞાનસત્ર, ઈન્દોર
## ૧૯-૨૦-૨૧ ડિસેમ્બર, ૨૦૧૪

**: ઉદ્‌ઘાટન બેઠક :**

**તા.૧૯/૧૨/૨૦૧૪, શુક્રવાર, સવારે ૧૧.૦૦ થી ૧.૦૦**

| | | |
|---|---|---|
| ગીત | : | સંગીતવૃંદ |
| સ્વાગત | : | ડૉ. દિવાકર શાહ |
| | | શ્રી પંકજભાઈ સંઘવી |
| ઉદ્‌ઘાટક/અતિથિ | : | શ્રી ચંદ્રકાન્ત દેવતાલે |
| | | શ્રી સરોજકુમાર જૈન |
| અધ્યક્ષ | : | શ્રી ધીરુ પરીખ |
| પ્રમુખશ્રીનો પરિચય | : | શ્રી પ્રફુલ્લ રાવલ |
| પ્રાસંગિક | : | શ્રી રઘુવીર ચૌધરી, હર્ષ બ્રહ્મભટ્ટ |
| પરિષદનો અહેવાલ | : | શ્રી પ્રફુલ્લ રાવલ (મહામંત્રી) |
| આભાર | : | શ્રી રાજેન્દ્ર પટેલ |
| સંચાલન | : | શ્રી પ્રફુલ્લ રાવલ |

**: : બીજી બેઠક : :**

**તા.૧૯/૧૨/૨૦૧૪, શુક્રવાર, બપોરે ૨.૩૦થી ૫.૦૦**
**સર્જકનું પુનઃમૂલ્યાંકન : બકુલ ત્રિપાઠી**

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | શ્રી હસિત મહેતા |
| | | (બકુલ ત્રિપાઠીના લલિત-હાસ્યનિબંધો) |
| અતિથિ વિશેષ | : | શ્રી રતિલાલ બોરીસાગર |
| બકુલ ત્રિપાઠીના સાહિત્યમાં રાજકીય કટાક્ષ | : | શ્રી ઉર્વીશ કોઠારી |
| બકુલ ત્રિપાઠીની હાસ્યરચનાઓ | : | શ્રી રવીન્દ્ર પારેખ |
| સંચાલન | : | શ્રી જનક નાયક |

**બકુલ ત્રિપાઠીનો સાક્ષાત્કાર (દશ્ય-શ્રાવ્ય) : ડૉ. દિવાકર શાહ**



**: : ત્રીજી બેઠક : :**

**તા. ૧૯/૧૨/૨૦૧૪, શુક્રવાર રાત્રે ૭.૩૦થી ૮.૩૦**
**પારિતોષિક વિતરણ**

અધ્યક્ષ : શ્રી ધીરુ પરીખ
સંચાલન : શ્રી ઉષા ઉપાધ્યાય

**: : ચોથી બેઠક : :**

**તા. ૧૯/૧૨/૨૦૧૪, શુક્રવાર રાત્રે**

**આસ્વાદ**
બકુલ ત્રિપાઠીનો હાસ્યદરબાર : શ્રી ગુણવંત વ્યાસ

**તા.૨૦/૧૨/૨૦૧૪, શનિવાર, સવારે ૮.૦૦થી ૯.૦૦**
**મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક**

**: : પાંચમી બેઠક : :**

**તા.૨૦/૧૨/૨૦૧૪, શનિવાર, સવારે ૧૦.૦૦થી ૧.૦૦**
**બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૨-૨૦૧૩)**

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | શ્રી મનસુખ સલ્લા |
| કવિતા | : | શ્રી સુધાબેન ચૌહાણ |
| નાટક | : | શ્રી પ્રભુદાસ પટેલ |
| વિવેચન | : | શ્રી હેતલ ગાંધી |
| ચરિત્ર-સાહિત્ય | : | શ્રી પ્રશાંત પટેલ |
| અનુવાદ | : | શ્રી દર્શના ત્રિવેદી |
| સંચાલન | : | શ્રી નીતિન વડગામા |

**: : છઠ્ઠી બેઠક : :**

**તા.૨૦/૧૨/૨૦૧૪, શનિવાર, સમય ૩.૦૦થી ૬.૦૦**
**બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૨-૨૦૧૩)**

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | શ્રી માધવ રામાનુજ |
| ટૂંકી વાર્તા | : | શ્રી દીવાન ઠાકોર |

| | | |
|---|---|---|
| નવલકથા | : | શ્રી કેશુભાઈ દેસાઈ (૨૦૧૨) |
| | | શ્રી કનૈયાલાલ ભટ્ટ (૨૦૧૩) |
| નિબંધ | : | શ્રી કિશોરસિંહ સોલંકી |
| સંશોધન-સંપાદન | : | શ્રી પિંકી પંડ્યા |
| બાળસાહિત્ય | : | શ્રી મીનાક્ષી ચંદારાણા |
| સંચાલન | : | શ્રી કીર્તિદા શાહ |

**: : સાતમી બેઠક : :**

**રાત્રે ૮.૩૦થી યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ**
**ઈન્દોરના સર્જકો સાથે મુલાકાત**
**પુસ્તકમિત્રોનું સન્માન : શ્રી રઘુવીર ચૌધરી**
Last Appointment - **નાટકની ભજવણી**

**: : આઠમી બેઠક : :**
**તા:૨૧/૧૨/૨૦૧૪, રવિવાર સવારે ૯.૦૦થી ૧૧.૩૦**

**સાહિત્ય સ્વરૂપ : નવી સદીનાં નાટકો : પ્રવાહો અને પડકારો**

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | શ્રી મહેશ ચંપકલાલ |
| અતિથિ વિશેષ | : | શ્રી સતીશ વ્યાસ |
| બદલાતું નેપથ્ય | : | શ્રી પ્રવીણ પંડ્યા, |
| ઐતિહાસિક-પૌરાણિક અને ચરિત્રકેન્દ્રી નાટકો, નવી સદીમાં | : | શ્રી ધ્વનિલ પારેખ, |
| ‘નવી’ સદીમાં ‘જૂનાં’ નાટકો | : | શ્રી મહેન્દ્રસિંહ પરમાર |
| સંચાલન | : | શ્રી અજયસિંહ ચૌહાણ |

**: : નવમી સમાપન બેઠક : :**
**તા:૨૧/૧૨/૨૦૧૪, રવિવાર બપોરે ૧૧.૩૦થી ૧૨.૩૦**

| | | |
|---|---|---|
| આભારદર્શન | : | યજમાન સંસ્થા વતી |
| ગુજરાતી સાહિત્ય પરિષદ વતી | : | શ્રી પ્રફુલ્લ રાવલ, મહામંત્રી |



## ગુજરાતી સાહિત્ય પરિષદનાં જ્ઞાનસત્રો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | મોડાસા | ૨૭ | ઑક્ટોબર | ૧૯૬૦ |
| ૨. | દાહોદ | ૨૧ | ઑક્ટોબર | ૧૯૬૨ |
| ૩. | વાડાશિનોર | ૨૫ | ઑક્ટોબર | ૧૯૬૪ |
| ૪. | દ્વારકા | ૨૯ | ઑક્ટોબર | ૧૯૬૬ |
| ૫. | શારદાગ્રામ | ૧ | નવેમ્બર | ૧૯૬૮ |
| ૬. | ઈડર | ૨૩ | ઑક્ટોબર | ૧૯૭૦ |
| ૭. | સંસ્કારતીર્થ (આજોલ) | ૨૯ | ડિસેમ્બર | ૧૯૭૨ |
| ૮. | કાંદિવલી (મુંબઈ) | ૩ | જાન્યુઆરી | ૧૯૭૪ |
| ૯. | અલિયાબાડા | ૫ | નવેમ્બર | ૧૯૭૬ |
| ૧૦. | ગ્રામભારતી (અમરાપુર) | ૩૦ | ડિસેમ્બર | ૧૯૭૮ |
| ૧૧. | લોકભારતી (સણોસરા) | ૨૭ | ડિસેમ્બર | ૧૯૮૦ |
| ૧૨. | વનસ્થલી-કણજોડ | ૬ | નવેમ્બર | ૧૯૮૨ |
| ૧૩. | લોકનિકેતન (રતનપુર) | ૨૬ | જાન્યુઆરી | ૧૯૮૪ |
| ૧૪. | અમરેલી | ૨૭ | ડિસેમ્બર | ૧૯૮૬ |
| ૧૫. | ભાવનગર | ૨૪ | ડિસેમ્બર | ૧૯૮૮ |
| ૧૬. | સાવલી | ૨૯ | ડિસેમ્બર | ૧૯૯૦ |
| ૧૭. | નવસારી | ૩૦ | જાન્યુઆરી | ૧૯૯૨ |
| ૧૮. | ભીમોર (ચોટીલા) | ૨૪ | ડિસેમ્બર | ૧૯૯૪ |
| ૧૯. | અમીરગઢ | ૨૮ | ડિસેમ્બર | ૧૯૯૬ |
| ૨૦. | રાધનપુર | ૨૫,૨૬,૨૭ | ડિસેમ્બર | ૧૯૯૮ |
| ૨૧. | સણાલી (દાંતા) | ૨૩,૨૪,૨૫ | ડિસેમ્બર | ૨૦૦૦ |
| ૨૨. | બારડોલી | ૨૭,૨૮,૨૯ | ડિસેમ્બર | ૨૦૦૨ |
| ૨૩. | વલ્લભવિદ્યાનગર | ૨૫,૨૬ | ડિસેમ્બર | ૨૦૦૪ |
| ૨૪. | માંડવી (કચ્છ) | ૨૩,૨૪,૨૫ | ડિસેમ્બર | ૨૦૦૬ |
| ૨૫. | કીમ (સુરત) | ૨૬,૨૭,૨૮ | ડિસેમ્બર | ૨૦૦૮ |
| ૨૬. | મોડાસા | ૨૪,૨૫,૨૬ | ડિસેમ્બર | ૨૦૧૦ |
| ૨૭. | સુરત | ૨૧,૨૨,૨૩ | ડિસેમ્બર | ૨૦૧૨ |
| ૨૮. | ઈન્દોર | ૧૯,૨૦,૨૧ | ડિસેમ્બર | ૨૦૧૪ |